શેઠવડાળા પાસે મોડીરાત્રે જુગાર રમતા પાંચ ઝડપાયા:

ધુતારપરની સીમમાં ખેતર સ્થિત ઓરડીમાં જુગારના અખાડા પર દરોડો: છ પકડાયા

જામનગર તા. ૭: જામનગર તાલુકાના ધુતારપર ગામના એક ખેતરમાં આવેલી ઓરડીમાં ગંજીપાનાથી રમાતા જુગાર પર ગઈકાલે પોલીસે દરોડો પાડતા પાંચ શખ્સ તથા એક મહિલા ઝડપાઈ ગયા હતા. પટમાંથી રોકડ, મોબાઈલ, મોટર મળી રૂ.૯,૮૮,૭૦૦નો મુદ્દામાલ કબજે કરાયો છે. જ્યારે શેઠવડાળા પાસે મોડીરાત્રે તીનપત્તી રમતા પાંચ શખ્સ પકડાઈ ગયા છે. રૂ.૧૫,૫૮૦ ઝબ્બે લેવામાં આવ્યા છે.

જામનગર તાલુકાના ધુતારપર ગામમાં એક ખેતર સ્થિત ઓરડીમાં ગઈકાલે બપોરે જુગારની મહેફિલ જામી હોવાની બાતમી પંચકોશી એ ડિવિઝન પોલીસ સ્ટેશનના નિર્મળસિંહ જાડેજા, કાસમભાઈ બ્લોચને મળતા પીઆઈ એમ.એન. શેખને વાકેફ કરાયા પછી પોલીસ ટીમે ધુતારપરની સીમમાં કુમનભાઈ વિઠ્ઠલભાઈ ભંડેરી નામના ખેડૂતના ખેતર સ્થિત ઓરડીમાં દરોડો પાડ્યો હતો.

તે સ્થળે કુમનભાઈને નાલ આપી ગંજીપાના વડે જુગાર રમતા દીપક ઉર્ફે દિલીપ રમણીકભાઈ પાંભર, શક્તિસિંહ મહિપતસિંહ જાડેજા, રજનીકાંત વિઠ્ઠલભાઈ સાંગાણી, અલ્તાફ જુસબ ડેલા, ફાતમાબેન સલીમભાઈ માજોઠી તથા કુમનભાઈ ભંડેરી નામના છ વ્યક્તિ મળી આવ્યા હતા. પોલીસે પટમાંથી રૂ.૪,૭૩,૨૦૦ રોકડા, ગંજીપાના, ચાર મોબાઈલ, અર્ટીગા મોટર મળી કુલ રૂ.૯,૮૮,૭૦૦નો મુદ્દામાલ કબજે કરી તમામ સામે જુગારધારાની કલમ ૪, ૫ હેઠળ ગુન્હો નોંધ્યો છે.

જામજોધપુર તાલુકાના શેઠવડાળા નજીક ગાંગણ ડેમના કાંઠે ગઈરાત્રે જાહેરમાં તીનપત્તી રમતા હસન ઉમરભાઈ ઘોઘા, ફારૂક ઈસ્માઈલ ઘોઘા, ઈકબાલ પોલાભાઈ હાલેપોત્રા, લખીયાર જીવાભાઈ ઘોઘા, મનસુખભાઈ જીવરાજભાઈ સુદાણી નામના પાંચ શખ્સ શેઠવડાળા પોલીસના દરોડામાં પકડાઈ ગયા હતા. પટમાંથી રૂ.૧૫૫૮૦ રોકડા, ટોર્ચ, ગંજીપાના કબજે કરાયા છે.

રોઝાના ફરમાનીથી દૂર રાખે છે

માનવીની પ્રક્રિયાઓ, ભલાઈ અને બુરાઈ તેની પાંચેય ઈન્દ્રિયો માંત્રથી જાહેર થાય છે, આંખ જોવાનું સાધન છે, કાન સાંભળવાનું, નાક સુંઘવાનું, મોઢું, જીભ સ્વાદ ચાખવાનું સાધન છે. જ્યારે આખુ શરીર સ્પર્શ કરવાનું સાધન છે. આ પાંચેય ઈન્દ્રિયો ફરમાં-બરદાશી અને નાફરમાં બરદાશીના સંયુક્ત તેમજ એક સમાન સાધનો છે.

તેથી માનવીના સારા અને નરસા કામો તેમજ અલ્લાહની ફરમા નરદાશીનો આધાર આ પાંચેય ઈન્દ્રિયો ઉપર છે. આ ઉપરાંત માનવી પાસે વિદ્યા, બુદ્ધિ, આત્મા છે. તો બીજી તરફ માનવી પાસે નફસ અને હવા પણ છે. હવે માનવીએ પોતાની બુદ્ધિ, વિદ્યા, આત્મા, નફસ અને હવા પ્રમાણે પોતાની ઈન્દ્રિયોનો ઉપયોગ કરવાનો છે. જાનવરો પણ માનવીની જેમ પોતાની ઈન્દ્રિયોનો ઉપયોગ કરે છે. પરંતુ માનવી પાસે વિદ્યા, બુદ્ધિ અને આત્મા છે, જે જાનવરો પાસે હોતા નથી. માનવીના દરેક કાર્ય પાછળ તેની વિદ્યા (ઈલ્મ), બુદ્ધિ (અકલ) અને આત્મા (ઝમીર) નફસ્તા (ઈચ્છા) કે હવા (હવસ) કામ કરતા હોય છે, પરંતુ માનવી ઉપરોક્ત પાંચ પૈકી ત્રણ એટલે વિદ્યા, બુદ્ધિ અને આત્માથી સારા-નરસાને પારખી એ પ્રમાણે કાર્યો કરે છે. એટલે કે તે પોતાની ઈન્દ્રિયો પાસે એ કાર્ય કરાવે છે. રોઝાની સ્થિતિમાં સારા-નરસાનું હરામ-હલાલનું આપણું બીજાનું પાપ-પુણ્ય વિગેરેનું રોઝેદાર ખૂબ જ ધ્યાનપૂર્વક આચરણ કરે છે. આમ આખો મહિનો રોઝા રાખવાથી રોઝેદારને પોતાની ઈન્દ્રિયોથી સારૂં કામ લેવાની અને ખરાબ કામથી પોતાને અને પોતાની ઈન્દ્રિયોને બચાવવાની ટેવ પડી જાય છે. આમ આ સારૂં કાર્ય અને એ કાર્યની ટેવ રોઝેદારમાં એક પ્રકારની શક્તિ સંચિત કરાવે છે, જેનો અહેસાસ રોઝેદારને થાય છે. એ સંચિત શક્તિ રોઝેદારને શરીયતની મુખાલેફત અને નફસની ફરમા બરદાશીથી બચવામાં મદદ કરે છે.

આમ ઈન્દ્રિયો ઉપર સકારાત્મક (પોઝિટિવ) કાબુ રાખવા માટે રોઝાથી વધું બીજું કોઈ અસરકારક સાધન નથી.

સફવાન ઝેડ. લુસવાળા, મોહસીન બ્લોચ

અંદાજે રૂ.ત્રીસેક હજારનું નુકસાન થયું:

જોગર્સ પાર્ક પાસે રહેણાંક મકાનમાં આગ

જામનગર તા. ૭: જામનગરના જોગર્સ પાર્ક વિસ્તારમાં એક આસામીના રહેણાંક મકાનમાં ગઈકાલે સાંજે ફ્રીઝમાં શોર્ટ સર્કીટ થતા આગનું છમકલુ થયું હતું. દોડી ગયેલી ફાયરબ્રિગેડની ટીમે આગને કાબૂમાં લીધી તે પહેલાં રૂ.૩૦ હજારનું નુકસાન થયું હતું.

જામનગરના જોગર્સ પાર્ક વિસ્તારમાં આવેલા એક મકાનમાં ગઈકાલે ફ્રીઝમાં શોર્ટ સર્કીટ થતાં આગનું છમકલુ થયું હતું. તેની જાણ ફાયરબ્રિગેડને કરવામાં આવતા ફાયરબ્રિગેડના જવાનો ધસી ગયા હતા.

આ સ્થળે પાણીનો મારો શરૂ કરવામાં આવ્યા પછી ગણતરીની મિનિટોમાં આગ કાબુમાં આવી ગઈ હતી. આગના કારણે રૂ.ત્રીસેક હજારનું નુકસાન થયું હતું.

પ્રથમ પૃષ્ઠથી ચાલુ...

પરંતુ અફવાઓના કારણે લોકો મોટા પાયે સંગ્રહ કરવા લાગ્યા હોવાથી અછત જેવી કામચલાઉ સ્થિતિ દેખાઈ રહી છે. વાસ્તવમાં ખેતી, વાહનો તથા મશીનો માટે જરૂરી ડીઝલનો પૂરતો જથ્થો હોવાથી લોકોએ ગભરાવાની કે ગેરમાર્ગે દોરાઈને ખોટી રીતે સંગ્રહ કરવાની જરૂર નથી, કારણ કે તેમ કરવાથી લેભાગુ તત્ત્વો તેનો ગેરફાયદો ઉઠાવતા હોય છે.

ગઈકાલથી જ તંત્રો ઉપરાંત કેટલાક મીડિયા હાઉસ તથા સોશ્યલ મીડિયા દ્વારા પણ લોકોને અફવાઓથી દૂર રહેવા અને લાઈનો લગાવીને બીનજરૂરી ખરીદી કરવાની કે ડીઝલ-પેટ્રોલનો પુરવઠો સંગ્રહીત કરવાની જરૂર નથી, તેવી અપીલ કરવામાં આવી રહી હતી, તો પાછલા બારણે ઘરેલું અને કોમર્શિયલ એમ બન્ને પ્રકારના ગેસના ભાવોમાં વધારો ઝીંકી દેવાયો હતો.

આ યુદ્ધ લાંબુ ચાલે, અને પુરવઠો ખૂટી જાય, તેવા સંજોગોને પહોંચી વળવાના ઉપાયો થઈ રહ્યા હતાં, તેવામાં હોર્મુઝની ખાડીમાંથી તેલ જહાજોને ઉડાવી દેવાની જે દેશોને ઈરાને ચીમકી આપી હતી, તે યાદીમાં ભારતનું નામ નહીં હોવાથી ભારતને રાહત થઈ હતી, તો બીજી તરફ અમેરિકાએ એક મહિના માટે રશિયાનું ક્રૂડ ઓઈલ ખરીદવાની ભારતીય કંપનીઓને છૂટ આપી દેતા ભારતની ચિંતા મોટા ભાગે ટળી ગઈ છે અને યુદ્ધ વધુ ચાલે, તો પણ ભારત પાસે ક્રૂડ ઓઈલનો પૂરતો જથ્થો જળવાઈ રહેશે, તેવા દાવાઓ પણ થઈ રહ્યાં છે. જો કે, કામચલાઉ ભાવ વધારા માટે લોકોએ પણ તૈયાર રહેવું પડશે, તેવું લાગે છે.

બીજી તરફ આ આંતરરાષ્ટ્રીય સંકટ અને ટ્રમ્પની તુમાખીની આડઅસરોના કારણે રાષ્ટ્રીય રાજનીતિમાં પણ ઉથલપાથલ મચી ગઈ છે. રાહુલ ગાંધીએ સવાલ ઉઠાવ્યો છે કે, ભારતને રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવાની છૂટ કે પ્રતિબંધ આપનાર ટ્રમ્પ કોણ...? વડાપ્રધાન મોદી આ મુદ્દે કેમ ચૂપ છે...? વિગેરે...

રાહુલ ગાંધીએ મોદી સરકારની વિદેશનીતિની ઝાટકણી કાઢતા કહ્યું હતું કે, "આ એક વ્યક્તિના ભ્રષ્ટાચાર અને શોષણનું પરિણામ છે...!"

રાહુલ ગાંધીએ "કોમ્પ્રોમાઈઝડ પી.એમ." જેવા શબ્દ પ્રયોગો સાથે કહ્યું હતું કે, "અમેરિકા આપણે ક્યાંથી તેલ (ક્રૂડ) ખરીદવું તે કેવી રીતે નક્કી કરી શકે...? રશિયા કે ઈરાન પૈકી ભારત કોની પાસેથી ક્રૂડ (તેલ) ખરીદશે, કે નહીં ખરીદે, તેનો ફૈસલો અમેરિકા કરશે, પણ આપણા વડાપ્રધાન ફૈસલો નહીં કરે"...

આ પહેલા કોંગ્રેસ પક્ષે આ મુદ્દે ટીકા કરી હતી કે, આ "અમેરિકી બ્લેક મેઈલીંગ" ક્યાં સુધી ચાલશે ? રશિયાએ પણ મિત્રતા હોવા છતાં ભારતને હવે ડિસ્કાઉન્ટ નહીં, પણ પ્રિમિયર ભાવે ક્રૂડ આપવાની વાત કરી છે.

આ તરફ ટ્રમ્પની તુમાખી એટલી વધી ગઈ છે કે, તેઓ દુનિયાના કોઈપણ નીતિ-નિયમો કે કાયદા-કાનૂનને માનવા તૈયાર નથી. કોઈ ટચુકડા દેશના રાષ્ટ્રપતિને તેમની પત્ની સાથે તેમના જ દેશમાંથી ઉઠાવી લાવીને જેલમાં પૂરી દેવા અને ઈરાનના સુપ્રિમ લીડરને મારી નાંખ્યા પછી તેના ઉત્તરાધિકારી તરીકે તેના પુત્રની તાજપોશીને નકારવા જેવા ટ્રમ્પના કદમ અન્ય દેશોના સાર્વભૌમત્વ અને અસ્મિતાને ખંડિત કરનારા છે, અને વિશ્વ સમુદાય તેની સાથે સમંત નહીં હોય, તો પણ પોતાની શક્તિઓનો દૂરઉપયોગ કરી રહેલા આ લોકતાંત્રિક તાનાશાહને કોણ અટકાવી શકે...? સિંહ (ટ્રમ્પ) ને કોણ કહેવા જાય કે, 'તેનું મોઢું ગંધાય છે...?'

ચાલુ મતદાને વકીલો વચ્ચે મામલો ગરમાયો:

જામનગરમાં ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણીનું મતદાન સંપન્ન: ૯૦ ટકા મતદાન

જામનગર તા. ૭: જામનગરમાં ગઈકાલે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ૨૩ હોદ્દેદારોની વરણી માટે યોજાયેલા મતદાનમાં ૯૦ ટકા જેટલું મતદાન નોંધાયું છે. મતપેટીઓને ઓબ્ઝર્વરો તથા પોલીંગ ઓફિસર્સની દેખરેખ હેઠળ લઈ જવામાં આવી હતી. આગામી સપ્તાહે મતગણતરી પૂર્ણ થયા પછી પરિણામ જાહેર થશે. ગઈકાલે ચાલુ મતદાને કોઈ બાબતે બે વકીલ વચ્ચે બોલાચાલી થયાનું જાણવા મળી રહ્યું છે.

ગુજરાતના બાર કાઉન્સિલના આગામી પાંચ વર્ષના સુત્રધારોની વરણી માટે ગઈકાલે ગુજરાતભરમાં ૭૬ હજારથી વધુ એડવોકેટ્સે મતદાન કર્યું હતું. જેમાં કારોબારીના ૨૩ સભ્યોની વરણી માટે જામનગરમાં પણ યોજાયેલા મતદાનમાં ૯૦ ટકા જેવું મતદાન નોંધાયું છે.

જામનગરના નોંધાયેલા વકીલ મિત્રોમાંથી ૧૬૬૪ એડવોકેટ્સે જિલ્લાભરમાં પોતાનો મત આપ્યો હતો. મતદાન પૂર્ણ થયા પછી ઓબ્ઝર્વરો અને મુખ્ય પોલીંગ અધિકારીઓની દેખરેખમાં મતપેટીઓ લઈ જવામાં આવી હતી.

ગઈકાલના જામનગરમાં થયેલા મતદાન વેળાએ સવારથી જ મત આપવા માટે વકીલ મિત્રોએ ભીડ જમાવી હતી. તે દરમિયાન જાણવા મળ્યા મુજબ બે વકીલ વચ્ચે કોઈ બાબતે વિખવાદ થતાં થોડીક ક્ષણો માટે મામલો ગરમાઈ ગયો હતો.

જામનગર મહાનગરપાલિકાની આગામી ચૂંટણી સંદર્ભમાં

કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની પસંદગી માટેની 'ખાસ પ્રક્રિયા'નો આરંભ

(તસ્વીર: પરેશ ફલીયા)

જામનગર તા. ૭: ગુજરાતમાં આગામી ટૂંક સમયમાં સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની ચૂંટણી યોજાનાર છે, ત્યારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના દિશાનિર્દેશ મુજબ જામનગર શહેર કોંગ્રેસ દ્વારા જામનગર મહાનગરપાલિકાની ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગી માટેની ખાસ પ્રક્રિયાનો આરંભ કરવામાં આવ્યો છે.

આ પ્રક્રિયા અંગેની વિગતો આપવા યોજાયેલી પત્રકાર પરિષદમાં શહેર કોંગ્રેસ પ્રમુખ વિરેન્દ્રસિંહ જાડેજા (દિગુભા જાડેજા) એ જણાવ્યું હતું કે, પ્રદેશ કોંગ્રેસ દ્વારા ઉમેદવારી કરવા ઈચ્છુકો માટે પાર્ટીએ ચોક્કસ ફોર્મ નિર્ધારીત કર્યા છે. આ ફોર્મનું વિતરણ શહેર કોંગ્રેસ કાર્યાલયમાંથી તા. ૮, ૯ અને ૧૦ માર્ચ ત્રણ દિવસ માટે કરવામાં આવશે અને ત્યાં જ સ્વીકારવામાં આવશે. આ ઉપરાંત કોંગ્રેસના વોર્ડ પ્રમુખો પાસેથી પણ ફોર્મ મળી શકશે અને ભરી શકાશે.

ઈચ્છુક ઉમેદવારોના ફોર્મ મળ્યા પછી પ્રદેશ દ્વારા નિયુક્ત પ્રભારીઓ અને શહેરના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં દરેક દાવેદારને રૂબરૂ સાંભળીને પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે. સમગ્ર પ્રક્રિયામાં જામનગરમાં કોંગ્રેસ સાથે વિચારસરણીની તન-મન-ધનથી જોડાયેલા રહ્યા છે તેઓને પ્રથમ પસંદગી આપવાનો અભિગમ રહેશે.

આ તકે ઉપસ્થિત રાજ્યના પૂર્વ મંત્રી ડો. દિનેશભાઈ પરમાર તથા પ્રદેશ કોંગ્રેસના વરિષ્ઠ નેતા ભીખુભાઈ વારોતરિયાએ જણાવ્યું હતું કે, ભાજપના શાસનકાળમાં લોકશાહીના મુલ્યોનો ધ્વંશ થઈ રહ્યો છે. ભાજપના ચૂંટાયેલા પ્રતિનિધિઓ માત્ર ભ્રષ્ટાચારમાં ગળાડૂબ છે અને શાસન-વહીવટ અધિકારીઓ ચલાવે છે.

કોંગ્રેસના જે કોઈ પ્રતિનિધિઓ ચૂંટાશે તેઓ ભ્રષ્ટાચાર દૂર કરી લોકોની સમસ્યા દૂર કરવા તથા સર્વાંગી વિકાસ કરવા કટીબદ્ધ હશે તેની પણ ખાતરી આપે છે.

આ પત્રકાર પરિષદમાં પ્રદેશ પ્રતિનિધિ સહારાબેન મકવાણા, વિરોધ પક્ષના નેતા ધવલભાઈ નંદા, કોર્પોરેટરો આનંદભાઈ રાઠોડ, આનંદભાઈ ગોહેલ, યુવક કોંગ્રેસ પ્રમુખ મહિપાલસિંહ જાડેજા, એનએસયુઆઈના રવિરાજસિંહ જાડેજા, શહેર મહામંત્રી પ્રવિણભાઈ જેઠવા, પાર્થ પટેલ, ઉપસ્થિત રહ્યા હતાં. સ્વાગત પ્રવચન ભરતભાઈ વાળાએ કર્યું હતું.

અસ્થિ વિસર્જન માટે જતાં પરિવારની મોટર પાછળ બસ ટકરાઈ: ડમ્પરના ઠાઠામાં બાઈક ઘૂસ્યું:

બાઈકનું ટાયર ફાટતા અકસ્માતમાં યુવકનું મોત: હરીપર પાસે બાઈકની સાથે મોટર ટકરાતા પ્રૌઢે જિંદગી ગૂમાવી

જામનગર તા. ૭: જામનગર-ખંભાળિયા ધોરીમાર્ગ પર શાપર ગામના પાટીયા પાસે બે સપ્તાહ પૂર્વે એક બાઈકમાં આગળના વ્હીલનું ટાયર ફાટતા સર્જાયેલા અકસ્માતમાં ઘવાયેલા એક યુવાનનું મૃત્યુ નિપજ્યું છે. સિક્કા પાટીયા પાસે રોડ ક્રોસ કરતી બોલેરોને ખાનગી બસે ટક્કર મારી નુકસાન સર્જ્યું છે. મેસદણની પીયાવા ચોકડી વચ્ચે પાર્કિંગ લાઈટ ચાલુ કર્યા વગર રાખી દેવાયેલા ડમ્પર પાછળ બાઈકચાલક ટકરાઈ પડતા ફ્રેક્ચર સહિતની ઈજા પામ્યા છે. ગઈકાલે સાંજે લાલપુરના હરીપર પાસે બાઈકને મોટરે ઠોકર મારતા સેવકધુણીયાના વૃદ્ધનું ગંભીર ઈજા થવાથી મૃત્યુ નિપજ્યું છે અને અસ્થિ વિસર્જન કરવા જામનગરથી દ્વારકા જતા એક પરિવારની મોટર પાછળ ખંભાળિયાના મોવાણ પાસે એસટી બસ ટકરાઈ પડતા એક પ્રૌઢને ફ્રેક્ચર થઈ ગયું છે.

જામનગર તાલુકાના સિક્કા ગામમાં દિગ્વિજય ગ્રામ નજીક કારા ભુંગા વિસ્તારમાં વસવાટ કરતા પરેશ નટવરભાઈ ડાભી તથા તેમના મિત્ર સન્ની રાજનરેશ પંડિત (ઉ.વ.૨૩) નામના યુવાનો ગઈ તા.૨૪ની સવારે પરેશના જીજે-૧૦-ઈજી ૧૩૫૨ નંબરના બાઈકમાં સિક્કા પાટીયાથી જામનગર આવવા માટે રવાના થયા હતા.

આ વેળાએ સન્ની મોટરસાયકલ ચલાવી રહ્યો હતો. તેઓ જ્યારે શાપર ગામના પાટીયાની બેડ ટોલનાકા તરફ આગળ વધતા હતા ત્યારે મોટરસાયકલના આગળના વ્હીલમાં ભડાકો થયો હતો અને તેના કારણે મોટરસાયકલ કાબૂ બહાર જઈ નજીકમાં આવેલા પીલ્લર સાથે ટકરાઈ પડ્યું હતું. રોડ પર પટકાયેલા સન્ની તથા પરેશને ગંભીર ઈજા થઈ હતી. બંનેને સારવારમાં ખસેડવામાં આવ્યા પછી સન્નીનું મૃત્યુ નિપજ્યું છે. પરેશ નટવરભાઈ ડાભીએ સિક્કા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

જામનગર તાલુકાના સિક્કા ગામના ભીમજીભાઈ પાલાભાઈ પરમાર નામના ડ્રાઈવર ગઈ તા.૨૫ની સવારે પોતાની બોલેરો લઈને સિક્કા પાટીયા પાસેની જતા હતા ત્યારે જીજે-૧૦-ટીવી ૯૭૪૩ નંબરના બસના ચાલકે બોલેરોના ડ્રાઈવરની સામેથી સાઈડમાં બસ ટકરાવી દીધી હતી. તેની બોલેરોમાં નુકસાન થયું હતું. ભીમજીભાઈએ મેઘપર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી છે.

લાલપુર તાલુકાના સેવકધુણીયા ગામમાં રહેતા દિલુભા ભાવસંગ જાડેજા (ઉ.વ.૬૫) નામના વૃદ્ધ ગઈકાલે સાંજે લાલપુર તાલુકાના હરીપર ગામ પાસે પેટ્રોલપંપ સામેની જીજે-૧૦-એબી ૯૯૫૭ નંબરના બાઈકમાં જઈ રહ્યા હતા ત્યારે જીજે-૩-કેસી ૮૮૯૬ નંબરની મોટરે તેઓને ઠોકર મારી પછાડી દીધા હતા. મ્હો તથા પગમાં ગંભીર ઈજા પામેલા દિલુભાને સારવારમાં ખસેડાયા પછી તેઓનું મૃત્યુ નિપજ્યું છે. તેમના ભત્રીજા રવિરાજસિંહ વિક્રમસિંહ જાડેજાએ મોટરચાલક સામે લાલપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

ધ્રોલ તાલુકાના ભેંસદણ ગામના ભવાનભાઈ કાશીયાણી નામના પ્રૌઢ ગઈ તા.૧૮ની સાંજે પીયાવા ચોકડી પાસેથી જીજે-૧૦-ડીએસ ૨૪૫૫ નંબરના મોટરસાયકલમાં જતા હતા ત્યારે રોડ પર એમએચ-૪૮-ડીસી ૨૬૨૯ નંબરનું ડમ્પર પાર્કિંગ લાઈટ ચાલુ રાખ્યા વગર પાર્ક કરાયું હતું તેની પાછળ ટકરાઈ પડ્યા હતા. ઠાઠામાં અથડાયેલા ભવાનભાઈને આંખમાં ઈજા તથા હાથ-પગમાં ફ્રેક્ચર અને કમરમાં ઈજા થઈ છે. તેમના પુત્ર જીતેન્દ્રભાઈએ ડમ્પર ચાલક સામે ફરિયાદ કરી છે.

જામનગરના ગોકુલનગર વિસ્તારમાં વસવાટ કરતા મૂળ મોરબીના રહેવાસી પ્રવીણભાઈ રમેશભાઈ તલાવડીયા તથા વેલજીભાઈ પ્રભુભાઈ સહિતના પરિવારજનો શુક્રવારની વહેલી સવારે પ્રવીણભાઈના મોટાબાપુના તાજેતરમાં થયેલા નિધન પછી તેમના અસ્થિનું વિસર્જન કરવા માટે જીજે-૩-એચઆર ૨૫૬૮ નંબરની ઈકો માં દ્વારકા જવા નીકળ્યા હતા.

તેઓની મોટર જ્યારે ખંભાળિયાથી દસેક કિ.મી. દૂર મોવાણ ગામના પાટીયા પાસે પહોંચી ત્યારે જીજે-૧૮-ઝેડ ૮૮૯૮ નંબરની એસટીની બસે ટક્કર મારતા સર્જાયેલા અકસ્માતમાં વેલજીભાઈને પાંસળીમાં ફ્રેક્ચર થઈ ગયું છે. પ્રવીણભાઈએ એસટી બસના ચાલક સામે ફરિયાદ નોંધી છે.

ચિરવિદાય

જામનગર: વિશા ઓશવાળ જૈન જ્ઞાતિના હીરાલાલ લાલચંદ શાહના પુત્ર બિપીનભાઈ હીરાલાલ શાહ (ઉ.વ. ૭૪), તે નયનાબેનના પતિ તથા વિરાલી, સુમિતના પિતા તથા હસમુખલાલ, સ્વ. વિનોદચંદ્ર, રમેશભાઈ, કોશિકભાઈના ભાઈનું તા. ૭-૩-૨૦૨૬ ના અવસાન થયું છે. સદ્ગતનું ઉઠમણું તા. ૭-૩-૨૦૨૬ ના સાંજે ૪ વાગ્યે શ્રી અચલગચ્છ જૈન ઉપાશ્રય, બારોટ કબી, ગણપતિ મંદિર સામે, જામનગરમાં રાખવામાં આવ્યું છે.

જામનગર: પદમાબેન ભાવેશભાઈ વીંછી (પલ્લવીબેન) (ઉ.વ. ૪૭), તે સ્વ. ભાવેશભાઈ ધનવંતરાય વીંછીના પત્ની તથા પરેશભાઈ ધનવંતરાય વીંછી, ધર્મેન્દ્રભાઈ ધનવંતરાય વીંછી, સ્વ. મીતાબેન જીતેન્દ્રભાઈ પડિયાના ભાભી તથા વિશાલ, યશના માતુશ્રી તથા જય, હર્ષ, ધ્રુવ, રૂદ્રના કાકીનું તા. ૭-૩-૨૦૨૬ ના અવસાન થયું છે. સદ્ગતની પ્રાર્થનાસભા તા. ૮-૩-૨૦૨૬, રવિવારના સાંજે ૫.૩૦ થી ૬ વાગ્યા દરમિયાન ભાઈઓ તથા બહેનો માટે શ્રી બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિપંચની વાડી, ખંભાળીયા નાકા બહાર, જામનગરાં રાખવામાં આવી છે.

ઈરાન માટે આજની...

પ્રથમ પૃષ્ઠથી ચાલુ...

૪,૦૦૦ કરોડ રૂપિયા) છે. તસવીરોમાં રડારની આસપાસ મોટા ખાડા અને કાળો ધુમાડો સ્પષ્ટ દેખાય છે.

સાઉદી અરેબિયામાં આવેલા પ્રિન્સ સુલતાન એર બેઝ પાસે પણ ઈરાની હુમલાના નિશાન મળ્યા છે. ૧ માર્ચની સેટેલાઈટ તસવીરોમાં રડાર સાઈટ પરથી ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો. અહીં રડાર સિસ્ટમને સુરક્ષિત રાખતો ટેન્ટ સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયો છે અને કાટમાળ વિખરાયેલો પડ્યો છે.

આ તરફ સંયુક્ત આરબ અમીરાત (યુએઈ)ના રૂવૈસ અને સાદરમાં આવેલી સૈન્ય છાવણીઓ પર પણ હુમલા થયા છે. સેટેલાઈટ એનાલિસિસ મુજબ થાડ રડાર સ્ટોર કરવા માટે વપરાતા ખાસ વ્હીકલ શેડ્સને નિશાન બનાવવામાં આવ્યા છે. બંને સ્થળોએ હુમલાની પેટર્ન લગભગ સમાન છે, જે ઈરાનની સચોટ મિસાઈલ ક્ષમતા દર્શાવે છે.

સંરક્ષણ નિષ્ણાતોના મતે, આ રડાર સિસ્ટમ થાડ નો સૌથી મહત્ત્વનો હિસ્સો છે. તેના વિના આખી મિસાઈલ ઈન્ટરસેપ્ટર સિસ્ટમ નકામી બની જાય છે. સમગ્ર વિશ્વમાં અમેરિકા પાસે આવી માત્ર ૮ બેટરીઓ છે, જેમાંથી ૩ દેશોમાં રડારને નુકસાન થવું એ અમેરિકન સેના માટે બહુ મોટો ઝટકો છે, જેથી હવે આજે રાતે ઈરાન પર અમેરિકા વિનાશક આખરી હુમલો કરશે. તેવી આશંકા સેવાઈ રહી છે.

માહે રમઝાન

તા. ૦૭-૦૩-૨૦૨૬ શનિવાર
રોઝા - ૧૭
વક્તે ઈફ્તાર: ૬-૫૯

તા. ૦૮-૦૩-૨૦૨૬, રવિવાર
રોઝા - ૧૮
ખત્મે સહેરી: ૫-૪૫
વક્તે ઈફ્તાર: ૭-૦૦

તા. ૦૯-૦૩-૨૦૨૬, સોમવાર
રોઝા - ૧૯
ખત્મે સહેરી: ૫-૪૪

સૌજન્ય: જુમ્મા મસ્જિદ ટ્રસ્ટ બોર્ડ

અર્ક

શ્રેષ્ઠ સંવાદ એ છે જે શબ્દોમાં મર્યાદિત અને અર્થમાં અમર્યાદિત હોય.

શબ્દવ્યૂહ ૭૪૦૮



આડી ચાવી

૩. ઝુંબેશ ઉઠાવનાર -----(૪
૪. એક પ્રકારનો ફૂલછોડ -(૩
૬. પ્રાણીનો ઊભો રહેવાનો ચાલવાનો અવયવ ----(૨
૮. બતાવેલું ----------(૩
૧૧. વેર, વૈમનસ્ય -------(૨
૧૨. માથામાં થતું એક પ્રકારનું જંતુ --------(૧
૧૪. વડીલો માટે માનાર્થે વપરાતો શબ્દ -------(૧
૧૮. કામ, કાર્ય ---------(૨
૧૯. દાનવ, શયતાન------(૨
૨૦. ફાટેલા-તૂટેલા ભાગે નવો ટૂકડો મૂકી મરામત કરવી તે----------(૩

---.

ઊભી ચાવી

૧. બેઠકોવાળો ગોળ ફરતો ફાળકો----------(૪
૨. જળમાં રહેતી પરી ----(૪
૩. ત્રિરંગો, વાવટો ------(૨
૫. જંગલી ----------(૪
૭. અપવિત્ર થયેલું, અભડાયેલું ----------(૨
૯. આરોગ્ય, તંદુરસ્તી----(૨
૧૦. છાતી અને ચહેરાને જોડતું અંગ----------(૨
૧૧. હાથકાંતણ અને હાથવણાટનું કાપડ----(૨
૧૩. તરીકો, રીત, પદ્ધતિ --(૩
૧૫. કન્યા ન મળવાથી કુંવારો રહેતો પુરુષ --------(૨
૧૬. જમીનમાં ખડક તોડવા વપરાતો દારૂગોળો ----(૩
૧૭. વહાલભર્યો પક્ષપાત----(૨

આડી ચાવી: (૧) અણબનાવ (૪) મશક (૬) નસ (૮) મકાન (૯) વડ (૧૦) કાં (૧૧) ચેપ (૧૫) મટી (૧૬) દરક (૧૭) ફાગણ (૧૯) નાનખટાઈ (૨૨) લખોટી (૨૩) જાસ્ત

ઉકેલ કોયડા નં. ૭૪૦૭

ઊભી ચાવી: (૧) અસ્થિ (૨) બચકારો (૩) વન (૫) શત્રુવટ (૭) સસ્તાપણું (૧૨) સંવેગ (૧૩) ઠામ (૧૪) તકતી (૧૭) ફાજલ (૧૮) નાખ (૨૦) નદી (૨૧) ઈજા

આપની આવતીકાલ

જ્યોતિષી: ઋષિ બહુકભાઈ શાસ્ત્રી, મો. ૯૮૯૯૯ ૬૦૮૮૭

મેષ (અ-લ-ઈ) શુભ રંગ: કેસરી શુભ અંક: ૧-૪
આપના કાર્યમાં ઉપરીવર્ગ, સહકાર્ય વર્ગ, નોકર-ચાકરવર્ગ મદદરૂપ થવાના પ્રયાસો કરે. પરંતુ ખર્ચ જણાય.

વૃષભ (બ-વ-ઉ) શુભ રંગ: ગ્રે શુભ અંક: ૩-૯
આપ ઠરો-ઠરો-કામકાજ કરો પરંતુ આપના હૃદય-મનને શાંતિ-રાહત જણાય નહીં. કામકાજમાં રૂકાવટ રહે.

મિથુન (ક-છ-ઘ) શુભ રંગ: મોરપીંછ શુભ અંક: ૩-૫
આપની બુદ્ધિ-અનુભવ-આવડત-મહેનતથી આપના કામનો ઉકેલ લાવી શકો. સંતાનના પ્રશ્ને ચિંતા ઓછી થાય.

કર્ક (ડ-હ) શુભ રંગ: મરૂન શુભ અંક: ૧-૮
સિઝનલ ધંધામાં આપે માલનો ભરાવો કરવો નહીં. કોર્ટ-કચેરીના કામકાજ અંગે દોડધામ-શ્રમ-ખર્ચ જણાય.

સિંહ (મ-ટ) શુભ રંગ: મેંદી શુભ અંક: ૧-૮
જાહેરક્ષેત્રના, સંસ્થાકીય કામમાં આપે વ્યસ્ત રહેવાનું થાય. અન્યનો સહકાર મળી રહેતા આપને રાહત જણાય.

કન્યા (પ-ઠ-ણ) શુભ રંગ: પિસ્તા શુભ અંક: ૬-૭
દિવસના પ્રારંભથી જ આપને સુસ્તી જેવું લાગ્યા કરે. તબિયતની અસ્વસ્થતાને લીધે કામ કરવાની ઈચ્છા થાય નહીં.

તુલા (ર-ત) શુભ રંગ: બ્લુ શુભ અંક: ૭-૯
નોકરી-ધંધાના કામકાજ અંગે બહાર કે બહારગામ જવાનું બને. બદલી-બદલીના પ્રશ્ને પ્રગતિ જણાય.

વૃશ્ચિક (ન-ય) શુભ રંગ: પીળો શુભ અંક: ૩-૯
આપના કાર્યની સાથે ઘર